# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-03-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

- ભારતે આતંકવાદને સમર્થન આપવા બદલ પાકિસ્તાનની ટીકા કરી
- વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે ભારત અને સિંગાપોર વચ્ચેના સંબંધોમાં સકારાત્મક અભિગમ મજબૂતીનો સ્ત્રોત ગણાવ્યો છે
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આજે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અંગેના નવા મુસદ્દાના ઠરાવ પર મતદાન થશે
- રંગોના પર્વ ધૂળેટીની આજે દેશભરમાં હર્ષોલ્લાસ અને ધાર્મિક આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી
- હવામાન વિભાગે હિમાલયના વિસ્તારો અને ગંગાના મેદાનોમાં આવતીકાલ સુધી સતત વરસાદની આગાહી કરી
- ભારતે વિશ્વ કબડ્ડી દિવસ નિમિતે 128 ખેલાડીઓની ભાગીદારી સાથે હરિયાણાના પંચકુલામાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# HARIVANSH

ભારતે આતંકવાદને સમર્થન આપવા બદલ પાકિસ્તાનની ટીકા કરી છે. ભારતે કહ્યું છે કે પાકિસ્તાનને જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પારથી આતંકવાદી હુમલા કરતી આતંકી ફેક્ટરીઓને બંધ કરવાની સલાહ આપવી જોઈએ. ભારતે કહ્યું કેપાકિસ્તાન આતંકવાદીઓને મદદ અને આશ્રય આપવાનો ઇતિહાસ ધરાવે છે.

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે ગઈકાલે જિનેવામાં આંતર-સંસદીય સંઘની 148મી બેઠક દરમિયાન પાકિસ્તાન વિરુદ્ધ તેમના જવાબના અધિકારમાં આ વાત કહી. તેમણે કહ્યું કે, પાકિસ્તાનનો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા નિયુક્ત મોટી સંખ્યામાં આતંકવાદીઓને આશ્રય અને મદદ આપવાનો શરમજનક રેકોર્ડ છે. તેમણે એમ પણ કહ્યું કે વૈશ્વિક આતંકવાદનો ચહેરો ઓસામા બિન લાદેન પણ પાકિસ્તાનમાં જ હતો.

ભારતીય ક્ષેત્રને લઈને પાકિસ્તાનની ટિપ્પણીઓને નકારી કાઢતાં ઉપાધ્યક્ષે કહ્યું કે લોકશાહી પર ખૂબ જ ખરાબ રેકોર્ડ ધરાવતો દેશ ભાષણ આપે તો તે હાસ્યાસ્પદ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને ઘણા દેશો ભારતના લોકશાહી મોડેલને અનુસરે છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને ભારતનું અભિન્ન અંગ ગણાવતા રાજ્યસભાના ઉપાધ્યક્ષે કહ્યું કે કોઈ પણવ્યક્તિ કે સંસ્થાના પ્રચાર દ્વારા તથ્યોને ખોટા સાબિત કરી શકાય નહીં.

# JAISHANKAR –SINGAPORE

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે આજે સિંગાપોરના પ્રધાનમંત્રી લી સિન લૂંગ સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે ભારત સાથેના સંબંધો પ્રત્યે શ્રી લૂંગનો સકારાત્મક અભિગમ બંને દેશો વચ્ચેના સંબંધો માટે મજબૂતીનો સ્ત્રોત છે. ડૉ. જયશંકરે કહ્યું કે વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્ય પર શ્રી લૂંગના પરિપ્રેક્ષ્યને ભારત મહત્વપૂર્ણ માને છે. ડોક્ટર જયશંકર સિંગાપોરની ત્રણ દિવસની મુલાકાતે છે.

આ પહેલા તેઓ સિંગાપોરના વિદેશ મંત્રી શ્રીવિવિયન બાલકૃષ્ણનને પણ મળ્યા હતા. બંને નેતાઓએ ભારત અને સિંગાપોર વચ્ચે સહકારના ક્ષેત્રમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. ડૉ. જયશંકરે કહ્યું કે બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક અને વેસ્ટ-એશિયા પર પણ ચર્ચા કરી.

# GUJARAT STATE PROFILE

ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે 7 મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે. 12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ 19 એપ્રિલ છે. ઉમેદવારો 22મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે. ચૂંટણીના પરિણામો ચોથી જૂને જાહેર થશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે રાજ્યમાં 50 હજાર 677 મતદાન મથકો પર મતદાન થશે. રાજ્યના 4 કરોડ 94 લાખ 49 હજારથી વધુ મતદારો તેમના મતદાનઅધિકારનો ઉપયોગ કરશે, જેમાં આશરે 10 હજાર 322 શતાયુ મતદારોનો સમાવેશ થાય છે. આ સામાન્ય ચૂંટણીમાં રાજ્યના લગભગ 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં 1 હજાર 274 મતદાન મથકો હશે જ્યાં સમગ્ર મતદાન સ્ટાફ મહિલાઓ હશે. તેવી જ રીતે 182 મતદાન મથકો પર દિવ્યાંગ લોકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યમાં 25 હજારથી વધુ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

# CONG - SIXTH LIST

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે પાંચ ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે. રાજસ્થાનમાં પ્રહલાદ ગુંજાલ કોટાથી, રામચંદ્ર ચૌધરી અજમેરથી અને સુદર્શન રાવત રાજસમંદથી ચૂંટણી લડશે. પક્ષે તમિલનાડુના તિરુનેલ વેલીથી એડવોકેટ સી રોબર્ટ બ્રુસને મેદાનમાં ઉતાર્યા છે.

# JANARDHANA REDDY –BJP

કર્ણાટકમાં KRPP નેતા જી. જનાર્દન રેડ્ડીએ તેમની પાર્ટીને ભારતીય જનતાપાર્ટીમાં વિલિન કરી દીધી છે. લોકસભા ચૂંટણી પહેલા તેઓ તેમની પત્ની અરુણા લક્ષ્મી સાથે ફરી ભાજપમાં જોડાયા છે. જી.જનાર્દન રેડ્ડી ભારતીય જનતા પાર્ટીના નેતા બીએસ યેદિયુરપ્પા અને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બીવાય વિજયેન્દ્રની ઉપસ્થિતિમાં તેમની પાર્ટીમાં જોડાયા હતા. શ્રી રેડ્ડીએ કહ્યું છે કે તેઓ બિનશરતી ભાજપમાં જોડાયા છે અને તેઓ કોઈ પદની માંગણી કરતા નથી.

# EVE UJJAIN-FIRE

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આજે સવારે મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં આગ લાગી હતી. ભસ્મ આરતી દરમિયાન આ અકસ્માત થયો હતો. પૂજારીઓ સહિત 14 લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઇજાગ્રસ્તોને ઈન્દોર અને ઉજ્જૈનની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઉજ્જૈનના કલેક્ટર નીરજ સિંહે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે. દરમ્યાન મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવે દરેક ઇજાગ્રસ્તોને એક લાખ રૂપિયાની સહાય અને મફત સારવારની જાહેરાત કરી છે.

# PM- UJJAIN FIRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં આગની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ઇજાગ્રસ્ત તમામ શ્રદ્ધાળુઓના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે. શ્રી મોદીએ કહ્યું રાજ્ય સરકારની દેખરેખ હેઠળ સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને તમામ શક્ય મદદ પૂરી પાડી રહ્યું છે.

# UNSC-GAZA

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આજે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અંગેના નવા મુસદ્દા અંગેના ઠરાવ પર મતદાન થશે. એવી અપેક્ષા છે કે નવા પ્રસ્તાવમાં પવિત્ર રમઝાન મહિનામાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરવામાં આવશે. આ પહેલા શુક્રવારે રશિયા અને ચીને અમેરિકા દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવને વીટો કરી દીધો હતો. રશિયા અને ચીનનું કહેવું છે કે આ દસ્તાવેજ રાજકીય છે અને તેમાં રફામાં ચાલી રહેલ ઈઝરાયેલના સૈન્ય અભિયાનના વિરોધનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આજે જોર્ડનમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કેઆ પ્રસ્તાવ ગાઝામાં ઇઝરાયલી બંધકોની મુક્તિ સાથે યુદ્ધવિરામને જોડતો નથી. અગાઉના પ્રસ્તાવ પર વીટોનું આ પણ એક કારણ હતું. ગયા વર્ષે 7 ઓક્ટોબરે ઈઝરાયેલ પર થયેલા હુમલા બાદથી ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. રજૂ કરાયેલી આઠ દરખાસ્તોમાંથી અત્યાર સુધીમાં માત્ર બે જ મંજુર થયા છે. આ બંને પ્રસ્તાવ ગાઝા પટ્ટીને માનવતાવાદી સહાય પૂરી પાડવા સંબંધિત છે.

# HOLI

દેશભરમાં હોળી ધૂળેટીના પર્વની શ્રધ્ધાપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. આસુરી શક્તિ ઉપર દૈવી શક્તિના વિજયના આ તહેવાર પર દેશવાસીઓએ એકબીજાને રંગો દ્વારા શુભેચ્છાઓ પાઠવી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ધુળેટીની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ લોકોને શુભેચ્છા પાઠવતા કહ્યું કે, હોળીનો તહેવાર લોકોના જીવનમાં આશા અને ઉત્સાહનો સંચાર કરે છે. ઉપરાષ્ટ્રપતિ ધનખડે જણાવ્યું કે, હોળીનો તહેવાર પરસપર જોડાણોને મજબૂત કરવાની તક આપે છે. આ તહેવાર વ્યક્તિઓ વચ્ચેના બંધનોને પુનઃ જીવિત કરે છે.

પ્રધાનમંત્રી મોદીએ પણ દેશવાસીઓને ધુળેટીની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, રંગોનો તહેવાર દરેકના જીવનમાં નવી ઉર્જા અનેઉત્સાહ લાવે છે.

# HOLI – HM DM

ગૃહ મંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે દેશવાસીઓને હોળીની શુભકામનાઓ પાઠવી હતી અને દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સદભાવ અનેનવી ઊર્જાની કામના કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટ પર શ્રી શાહે રંગો અને ખુશીઓનો આ તહેવાર દરેકના જીવનમાં સમૃદ્ધિ અને સદભાવના રંગો લાવશે અને નવી ઊર્જાના સંચારનું માધ્યમ બનશે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે રંગોનો આ તહેવાર દરેકના જીવનમાં ખુશી, ઉત્સાહ અને નવીઉર્જાનો સંચાર કરે. ગઈકાલે તેઓએ લેહમાં સૈનિકો સાથે હોળીની ઉજવણી કરી હતી.

# IMD- FORECAST

હવામાન વિભાગે આવતીકાલ સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના હિમાલયના વિસ્તારોમાં અને ગંગાના મેદાનોમાં સતત વરસાદ અને ગાજવીજ સાથેવરસાદની આગાહી કરી છે. શુક્રવાર સુધી જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

દરમ્યાન દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આગામી બે-ત્રણ દિવસમાં તાપમાનમાં બે-ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. દક્ષિણ રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, કેરળ અને તમિલનાડુમાં તાપમાન 36 થી 40 ડિગ્રી વચ્ચે રહેવાની ધારણા છે.

# KABADDI-GUINNESSWORLD RECORD

ભારતે વિશ્વ કબડ્ડી દિવસ નિમિતે 128 ખેલાડીઓની ભાગીદારી સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો હતો. આ ઈતિહાસ હરિયાણાના પંચકુલાના તાઉ દેવીલાલ ઈન્ડોર સ્ટેડિયમમાં બનાવ્યો હતો. વિશ્વભરમાં કબડ્ડીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે હોલિસ્ટિક આંતરરાષ્ટ્રીય પ્રવાસી સ્પોર્ટ્સ એસોસિએશન અને હરિયાણા સરકાર વચ્ચે તાજેતરમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગિનિસ રેકોર્ડ બનાવવા માટે 84 ખેલાડીઓની ભાગીદારી નક્કી હતી પરંતુ આયોજકોએ આ રેકોર્ડને વટાવીને 154 ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા. આ પ્રયાસ આજે સવારે 11 વાગ્યે શરૂ થયો હતો જેમાં 128 ખેલાડીઓની ભાગીદારી સાથે નવો રેકોર્ડ સર્જાયો હતો. આ પ્રસંગે હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેય મુખ્ય અતિથિ હતા અને તેમને ગિનિસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# IPL

આઈપીએલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે પંજાબ કિંગ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ સામે થઈ રહ્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂએ ટોસ જીતી પ્રથમ બોલિંગ પસંદ કરી હતી.